**ધી પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ ટ્રસ્ટ વર્ષ ૨૦૧૧ - ૨૦૧૨**
**દીવાન બલ્લુભાઇ માધ્યમિક શાળા, કાંકરીયા,અમદાવાદ**

# સહ અભ્યાસ તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ

- આપણી શાળાના શૈક્ષણિક કાર્યની શરૂઆત રોજ પ્રાર્થનાથી થાય છે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ લયબદ્ધ રીતે સરસ્વતી દેવીની આરાધના કરે છે. તથા મહાપુરુષોના જન્મદિન નિમિત્તે વક્તવ્યોની રજૂઆત કરવામાં આવે છે અને અઠવાડિયામાં એક વખત સમૂહ પાર્થનાનો કાર્યક્રમ પ્રાર્થનાખંડમાં રાખવામાં આવે છે. જેમાં જુદાજુદા શિક્ષકો પ્રેરક પ્રવચનો આપે છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં વકતૃત્ત્વ સ્પર્ધા, ભજન સ્પર્ધા, ક્વિઝ, જૂથ ચર્ચા, દેશભક્તિ ગીત, હાસ્ય નાટક, કાવ્ય પઠન વગેરેની હરીફાઇ રાખવામાં આવે છે.
- પ્રથમ, દ્વિતીય કસોટીના અંતે શાળાના દરેક વર્ગમાં પ્રથમ પાંચ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને વધુ ઊચ્ચ સિદ્ધિ મેળવવા માટે માર્ગદર્શન આપવા સાથે તેઓને પ્રોત્ત્સાહક ઈનામો આપવામાં આવે છે.
- બુલેટીન બોર્ડ તેમજ શ્યામ ફલક પર શાળાના શિક્ષકોના માર્ગદર્શન નીચે વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તેવી કમ્પ્યૂટર આધારિત માહિતી વિદ્યાર્થીઓ દ્વારા બૉર્ડ પર મૂકવામાં આવે છે.
- વર્ષ દરમિયાન શાળા પરિવાર , પૂર્વ વિદ્યાર્થી મંડળ અને વાલી મંડળના સહયોગથી ૩ વાર રક્તદાન શિબિરનું આયોજન કરી ૭૫ બોટલ રક્ત એકત્ર કર્યું હતું. તેમજ પૂર્વ વિદ્યાર્થી મંડળ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે દંત ચિકિત્ત્સા યોજી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
- તા.૨૯-૬-૨૦૧૧થી તા. ૮-૭-૨૦૧૧ N.C.C. કેમ્પસ્ લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે શાળાના ૩૭ વિદ્યાર્થીઓ અને ૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ છે. ફાયરીંગમાં ૭૫૦ વિદ્યાર્થીઓમાંથી આ શાળાનો વિદ્યાર્થી મંથન બિપિનકુમાર વ્યાસ (ધો. ૯ B) એ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ગોલ્ડ મૅડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. તથા ધો. ૯ D ની વિદ્યાર્થિની ક્રિષ્ના પ્રકાશભાઇ રાવલને બેસ્ટ ડ્રીલ માટે ગોલ્ડ મૅડલ મળેલ છે.
- તા.૫-૭-૨૦૧૧ના રોજ પાટણ જિલ્લાની ચાણસ્મા ગામની **કે.એમ.પટેલ ગર્લ્સ સ્કૂલના સમગ્ર શૈક્ષણિક સ્ટાફે** આપણી શાળાની મુલાકાત લીધી. તે સ્કૂલના આચાર્યા શ્રીમતી શોભનાબેન તથા તેમની શાળાના સમગ્ર સ્ટાફે આપણી શાળાના શિક્ષકો સાથે અધ્યયન, અધ્યાપન પ્રક્રિયા અંતર્ગત વિચારોનું આદાન પ્રદાન કર્યું.

- I ગુજરાત ગર્લ્સ બટાલિયન(N.C.C), લૉ ગાર્ડન ખાતે તા.૨૨ જુલાઈ, ૨૦૧૧ થી તા.૩૧ જુલાઈ, ૨૦૧૧ સુધી કેમ્પમાં ભરત નાટ્યમ્ સ્પર્ધામાં ચુડાસમા ફોરમ ધર્મેન્દ્રભાઈએ સેકન્ડ તેમજ ડ્રોઇંગ કોમ્પિટિશનમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કરી સિલ્વર મૅડલ મેળવેલ છે.
- તા.૩૦-૭-૨૦૧૧ના રોજ ધો. ૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અને જાહેર પરીક્ષા અંગેની સમજણ આપી. તથા મૂંઝવતા પ્રશ્નોની ચર્ચા કરી, વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.
- તા.૩૦-૭-૨૦૧૧ના રોજ AIEEE, JEE જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામો મેળવનાર વિદ્યાર્થીઓને અમેરિકા સ્થિત શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા અપાતી સ્કોલરશીપના વિતરણનો કાર્યક્રમ યોજાયો.
- તા.૯-૮-૨૦૧૧ના રોજ ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ભારત દેશના વિવિધ પ્રદેશોમાં રહેતા નાગરિકોની ભાતીગળ સંસ્કૃતિ, પહેરવેશ, ભાષા,બોલી, રીત રિવાજો અંતર્ગત વેશભૂષા કાર્યક્રમ યોજાયો.
- તા.૯-૮-૨૦૧૧ના રોજ સરદાર પટેલ સ્મારક ટ્રસ્ટ અને રોટરી કલબ , એરપોર્ટ ના સહયોગથી અમદાવાદ ઈન્ટર સ્કુલ કોમ્પિટિશનમાં દેશભક્તિ સમૂહગાન સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.
- તા.૧૨-૮-૨૦૧૧ના રોજ ડૉ.વિક્રમ સારાભાઇ જન્મ જયંતિ નિમિત્તે શાળામાં ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓએ ૮૦ પ્રોજેક્ટ મૂકેલા. ઉદ્‌ઘાટન કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી યુ. એન.રાઠોડ (નિરીક્ષકશ્રી, જિ. શિ.કચેરી, અમદાવાદ) અને ઉદ્‌ઘાટક શ્રી. બી.જે. દીવાન સાહેબ (ધી પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ ટ્રસ્ટ, ચેરમેનશ્રી) અને અધ્યક્ષ શ્રી મુકેશભાઇ પટેલ હતા. જ્યારે સમાપન કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી ડૉ.પરાગભાઇ ઠાકર ( પૂર્વ વિધાર્થી, M.D. , પિડીયાટ્રીક) હતાં. જેમાં પ્રોજેક્ટ ઋષિકેશ સંશોધનના પ્રેઝન્ટેશન્સ વિદ્યાર્થીઓએ રજૂ કર્યા.
- તા.૧૫-૮-૨૦૧૧ના રોજ શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઊજવણી મુખ્ય મહેમાન શ્રી શાહ કરણ (શાળાનો મેઘાવી વિદ્યાર્થી)ની ઉપસ્થિતિમાં બાળકો દ્વારા શાળાના પટાંગણમાં કરવામાં આવી હતી.
- તા.૧૫-૮-૨૦૧૧ના રોજ ગુજરાત કૉલેજમાં નીમા કંપની દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ૭૫૦ વિદ્યાર્થીઓમાંથી મોદી દેવાંશી વિપુલભાઇ (ધો. ૯ B) એ પ્રથમ ક્રમાંક કરેલ છે.
- તા.૧૬-૮-૨૦૧૧ના ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ ગીતોની તથા રાષ્ટ્રીય પ્રતિભાઓની વેશભૂષાનો કાર્યક્રમ યોજાયો.
- તા.૧૯-૮-૨૦૧૧ ધો. ૮ થી ૧૨ના N.C.C. & N.S.S. ઈકો કલબ દ્વારા પર્યાવરણ સ્વચ્છતા અને ઊર્જા રેલી , જન જાગૃતિ રેલીનું પ્રસ્થાન વેદ મંદિરના મહંતશ્રી એ કરાવ્યું હતું.

- તા.૨૪-૮-૨૦૧૧ના રોજ મેઘાલય રાજ્યના શિક્ષણ ખાતાના અધિકારીઓ અને આચાર્યોની ટીમે શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) પ્રોજેક્ટ અંતર્ગત આપણી શાળાની મુલાકાત લઈને શાળાની અભ્યાસ વ્યવસ્થા નિહાળી હતી.
- તા.૨૪-૮-૨૦૧૧ શાળાના પ્રાણસુખલાલ હોલમાં જન્માષ્ટમી નિમિત્તે યોજેલ રાસ ગરબામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.
- તા.૨૬-૮-૨૦૧૧ના રોજ શાળાના પ્રાણસુખલાલ હોલમાં ધો. ૮ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ સહયોગી બન્યાં.
- તા. ૩-૯-૨૦૧૧ શાળાના હોલમાં ધો. ૮ થી ૧૨ના જે વિદ્યાર્થીઓ ડો.વિક્રમ સારાભાઇ જન્મ જયંતિ નિમિત્તે યોજેલ વિજ્ઞાન પ્રદર્શન અને પ્રેઝન્ટેશનમાં વિજેતા બન્યાં હતાં, તે તમામ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.
- તા.૬-૯-૨૦૧૧ પ્રાણસુખલાલ હોલમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બે નાટકો રજૂ કરવામાં આવ્યાં. અને વિદ્યાર્થીઓએ તે નાટકો દ્વારા માર્ગદર્શન મેળવ્યું.
- તા.૮-૯-૨૦૧૧ના રોજ અમદાવાદ શહેર કક્ષાએ યોજાયેલ ચેસ સ્પર્ધામાં ધ્રુવ ટી. ત્રિવેદી (ધો.૧૦ ટેક) એ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી, રાજ્યકક્ષાએ જૂનાગઢ મુકામે પસંદગી પામેલ હતો.
- S.V.S. કક્ષાનો વિજ્ઞાન મેળો સીટી હાઇસ્કૂલમાં માધ્યમિક વિભાગમાં વિભાગ -૧,વિભાગ-૨ પસંદગી પામેલ છે. તેમજ ઊચ્ચત્તર માધ્યમિક વિભાગમાં વિભાગ - ૩ અને વિભાગ - ૪ પસંદગી પામેલ છે.
- તા.૩૦-૯-૨૦૧૧ નવરાત્રિ ઊજવણીના ભાગરૂપે યોજેલ શેરી ગરબામાં શાળાના ધો. ૮ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.
- તા.૨૨-૧૦-૨૦૧૧ના રોજ શાળાના ઉચ્ચત્તર વિભાગના શિક્ષક શ્રી પ્રદિપભાઇ દવેના નિવૃત્તિ સમારંભમાં શાળા પરિવારે શુભેચ્છા પાઠવી.
- તા.૨૩-૧૦-૨૦૧૧ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકશ્રીઓ દ્વારા દિવાળી ઉત્સવ નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓએ બચાવેલા નાણાંમાંથી જરૂરિયાતમંદ બાળકોને મીઠાઈ અને ફરસાણનું વિતરણ કરવામાં આવ્યું.
- તા.૧૪-૧૧-૨૦૧૧ના રોજ બાળદિન નિમિત્તે "દિવ્ય ભાસ્કર" વર્તમાનપત્ર દ્વારા આયોજિત મુલાકાતી પત્રકાર તરીકે આપણી શાળાના વિદ્યાર્થીઓએ અનુભવ વગર જર્નાલિસ્ટની શ્રેષ્ઠ કામગીરી બજાવી. તથા રેડિયો મિર્ચીમાં એનાઉન્સર તરીકે શાળાના વિદ્યાર્થી ત્રિવેદી કલગી તથા સ્મિત શાહે કામગીરી બજાવી હતી. તેમજ GTPL ટી. વી. ચેનલના લોકપ્રિય કાર્યક્રમ લોકમંચમાં આપણી શાળાના મહાદેવિયા ખલકબહેન તથા શાહ યશે ફાયર ઑફિસર તથા આરોગ્ય અધિકારીના ઈન્ટરવ્યૂ લઈને સફળતાપૂર્વક કાર્યક્રમ રજૂ કર્યો.

- **તા. ૨૧-૧૧-૨૦૧૧ અમદાવાદ શહેર જિલ્લાનો યુવા મહોત્સવ શાળામાં રાખેલ હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે મ્યુ. કાઉન્સિલરો શ્રી. કેયુરભાઇ પરીખ – મણિનગર તથા હસમુખભાઇ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો. અને વિજેતા બન્યાં હતાં.**
- **શિષ્યવૃત્તિની પરીક્ષામાં અમદાવાદ શહેરના ૩૮ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા. જેમાં આપણી શાળાના ૧૬ વિદ્યાર્થીઓએ ૩ વર્ષ માટે શિષ્યવૃત્તિ મેળવવા પસંદગી પામીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.**
- **તા.૨૬-૧૧-૨૦૧૧ના રોજ ધો.૯ના વિદ્યાર્થીઓએ અમદાવાદ શહેરના ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઇને "મને ઓળખો" કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ દર્શનનો આનંદ માણ્યો.**
- **તા.૨૮-૧૧-૨૦૧૧થી તા. ૭-૧૨-૨૦૧૧ સુધી I ગુજરાત ગર્લ્સ બટાલિયન(N.C.C),લૉ ગાર્ડન ખાતે કેમ્પમાં શાહ શચિ કેતનકુમાર (ધો.૮–B) એ ડાન્સિંગ હરીફાઈમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ગોલ્ડ મૅડલ મેળવેલ છે. તેમજ સ્લોગન સ્પર્ધામાં બીજો ક્રમાંક પ્રાપ્ત કરી સિલ્વર મૅડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.**
- **તા.૨૯-૧૧-૨૦૧૧ના રોજ મણિનગર ટેનિસ ટુર્નામેન્ટમાં બરફાટે મુદ્રા પ્રશાંત ( ધો.૮ B) એ ડબલ અને સિંગલ સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો.**
- **તા. ૩-૧૨-૨૦૧૧ વૉર્ડ કક્ષાની ચેસ સ્પર્ધામાં ખોખરા ફિઝીકલ ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં શાળાનો વિદ્યાર્થી વિશ્વેશ સી. પટેલ (ધો.૯ A) એ બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.**
- **સંસ્થાના પ્રાથમિક વિભાગના સંયોજક આદરણીય શ્રી નીલાબેન શિ. મહેતા નો સ્વર્ગવાસ તા. ૧૮ /૧૨ /૨૦૧૧ ના રોજ થતાં તેઓને શાળા પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ શાળાના પ્રાર્થના ખંડમાં તા. ૧૯ /૧૨ /૨૦૧૧ ના રોજ યોજાયો.**
- **અમદાવાદ શહેર કક્ષાના યુવા ઉત્સવમાં નિબંધ સ્પર્ધામાં ધો. ૧૧ C ની વિદ્યાર્થિની મોદી કોમલ સંજયભાઇ અને શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં ઠાકર ધારણા મુકેશભાઇ એ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે.**
- **તા.૨-૧-૨૦૧૨ના રોજ ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનો મુંદ્રા બંદર , જિલ્લો - કચ્છ નો શૈક્ષણિક પ્રવાસ યોજાયો.**
- **તા.૦૬-૧-૨૦૧૨ના રોજ શાળાના ૧૦૪ મા સ્થાપના દિને પ્રવેશોત્સવમાં પૂરક બનવાના હેતુથી આપણી શાળાના બાળકોએ તેઓના ઘર તરફથી વાપરવા મળેલ રકમની બચત કરીને કૉર્પોરેશનની શાળામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ તેમજ ધો. ૧ તથા ધો. ૨ ના આશરે ૧૪૫ વિદ્યાર્થીઓને ગરમ સ્વેટર, યુનિફોર્મ તથા શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું. તેમજ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.**

- તા.૨૩-૧-૨૦૧૨ના રોજ ધો.૮ થી ૧૨ના તમામ કર્મચારી ગણની પિકનીકનું આયોજન કરેલ હતું.
- તા.૨૬-૧-૨૦૧૨ના રોજ શાળાના પટાંગણમાં ૬૩મા પ્રજાસત્તાક દિનની ઊજવણીમાં મુખ્ય મહેમાન શ્રી ડૉ.ઉદયભાઇ ગજ્જર (પૂર્વ વિદ્યાર્થી) અને શ્રી દેવાંગભાઇ ભટ્ટ ( જર્નાલિસ્ટ) હતા. મહેમાનોએ શાનદાર પરેડનું નિદર્શન કરી ધ્વજવંદન કર્યું હતું. તેમજ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને ઊજવણીના સહભાગી બન્યાં.
- તા.૨૭-૧-૨૦૧૨ અને તા.૨૮-૧-૨૦૧૨ના રોજ ધો.૯ના વિદ્યાર્થીઓએ પોળો ફોરેસ્ટ (વન દર્શન) - વિજયનગરની મુલાકાત લઈને પ્રકૃતિના સાંનિધ્યનો આનંદ માણ્યો હતો.
- તા.૪-૨-૨૦૧૨ના રોજ ધો.૧૧ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ પોળો ફોરેસ્ટ (વન દર્શન) - વિજયનગરની મુલાકાત લીધી હતી. તેમજ તા.૫-૨-૨૦૧૨ તથા તા.૬-૨-૨૦૧૨ ના રોજ ધો.૮ના વિદ્યાર્થીઓએ પણ પોળો ફોરેસ્ટ (વન દર્શન) - વિજયનગરની મુલાકાત લીધી અને પ્રવાસના વિવિધતાભર્યા અનુભવો મેળવ્યા.
- રાજ્ય કક્ષાના યુવા સંમેલન સયાજીરાવ નગર ગૃહ, વડોદરા મુકામે યોજાયેલ. જેમાં રાવલ મેઘાવી તુષારભાઇને વક્તૃત્વ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ સન્માનીત કરવામાં આવ્યાં.
- તા.૧૮-૦૨-૨૦૧૨ના રોજ અગ્રણી કેળવણીકાર શ્રી. એચ. કે. દવેના સાંનિધ્યમાં ધો. ૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા – વિદાય સમારંભ યોજાયો.
- તા.૨૮-૨-૨૦૧૨ના રોજ શાળાના હોલમાં ધો. ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓની અંતાક્ષરીની હરીફાઇ રાખેલ.
- તા.૨૯-૨-૨૦૧૨ના રોજ N.S.S.ના વિદ્યાર્થીઓ અને બે શિક્ષકશ્રીઓએ એઈડ્ઝ જાગૃતિ અભિયાન અંતર્ગત રેડ રિબન એક્સપ્રેસ ટ્રેનના પ્રદર્શનની મુલાકાત લીધી.
- શાળાના ૧૬ વિદ્યાર્થીઓને માધ્યમિક શિષ્યવૃત્તિ પ્રાપ્ત થઈ હતી. જેમાં શાહ નંદન મેહુલભાઇ જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંકે આવેલ છે.
- રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટીમાં શાળાના ૩૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં ૪ વિદ્યાર્થીઓએ સારો રેન્ક પ્રાપ્ત કરેલ છે.
- પ્રખરતા શોધ કસોટીમાં ધો.૯ના ૮૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં રાજ્ય કક્ષાએ ઉત્તમ સિદ્ધિ માટે શાળાના ૫ વિદ્યાર્થીઓને - પ્રત્યેકને રૂા.૫૦૦ શિષ્યવૃત્તિ મળેલ છે.
- N.T.S.E. પરીક્ષામાં ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પ્રથમ વિભાગની પરીક્ષામાં ૭ વિદ્યાર્થીઓ સફળ થયા હતાં.
- દૈનિક ભાસ્કર ગૃપ દ્વારા આયોજિત વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા યોજેલી ભાસ્કર જિનિયસ સ્કોલરશીપ પરીક્ષામાં પટેલ યાજ્ઞિક મહેશભાઇ (ધો.૯ - ટેક) રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પરિણામ

માટે સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને રૂા. ૭૧૦૦૦ સ્કોલરશીપ મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે.

- તા.૭-૩-૨૦૧૨ના રોજ શાળાનાં પૂર્વ વિદ્યાર્થીઓ તેમજ શાળાના કર્મચારીઓની બનેલી ક્રિકેટ ટીમો વચ્ચે ક્રિકેટ સ્પર્ધા યોજાઇ જેને શાળાનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી માણી.
- તા.૧૦-૩-૨૦૧૨ના રોજ શાળાનું ગૌરવ વધારનારા મેધાવી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ શ્રી. હર્ષ બ્રહ્મભટ્ટ (IAS) ના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. જેમાં ડૉ. વી. બી. ભેંસદડીયા, સંયુક્ત કમિશ્નર શ્રી તથા ડૉ. હેમાંગભાઈ દેસાઈ, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પ્રો. હાઈ. ટ્રસ્ટ ઉપસ્થિત રહ્યાં ; અને શાળા તથા વિદ્યાર્થીઓની સિદ્ધિને અભિનંદન પાઠવવા સાથે માર્ગદર્શન પૂરું પાડ્યું.
- **તા.૧૨-૩-૨૦૧૨ના રોજ પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ ટ્રસ્ટના ચેરમેન શ્રી બી.જે. દીવાન સાહેબ દેહોત્સર્ગ પામ્યા. તા.૧૪-૩-૨૦૧૨ના રોજ સ્વ.શ્રી દીવાન સાહેબને શાળા પરિવાર તેમજ વાલી મંડળ તરફથી શાળાના પટાંગણમાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો.**
- તા. ૨૯-૩-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૨ સુધી મુકામ ડુંગરભીત પ્રાથમિક શાળા, રજાઇતા તા. મોરવા (હડફ) જિલ્લો - પંચમહાલ ખાતે NSS શિબિર યોજ્વામાં આવી. ત્યાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ, ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું. તેમજ વિદ્યાર્થીઓ સાથે ગ્રામ સફાઈ કાર્યક્રમ, વ્યસન મુક્તિ કાર્યક્રમ, કન્યા કેળવણીને લગતા કાર્યક્રમો કરવામાં આવ્યાં. તથા શહેરી અને ગ્રામ્ય શૈક્ષણિક ; સામાજિક વ્યવહાર અને રહેણી કરણીના અનુભવો અને વિચારોનું આદાન - પ્રદાન કરવામાં આવ્યું.
- તા.૦૩-૦૪-૨૦૧૨ના રોજ શાળામાં શૈક્ષણિક સેવાઓ બજાવનારા શિક્ષકો શ્રી દિનેશભાઈ સુથાર ( સુપરવાઈઝર, ઊ. મા. વિભાગ), શ્રી. પી. વી. પાઠક તથા એમ. કે. ગામી સાહેબ વય નિવૃત્ત થતાં શાળા પરિવાર દ્વારા શુભેચ્છા - વિદાય સમારંભનુ આયોજન કરવામાં આવ્યું.
- N.C.C. ની તમામ વિદ્યાર્થિનીઓમાં ભટ્ટ શિખા અર્પિતકુમાર (ધો.૮ બ) એ સૌથી વધુ ગુણ મેળવીને રૂા. ૬૦૦૦ ની સ્કોલરશીપ મેળવીને શાળાનું ગૌરવ વધારેલ છે.
- GCA ક્રિકેટમાં શાળાનો ત્રિવેદી કરણ અમદાવાદ જિલ્લાની ટીમમાં પસંદગી પામી **રાજ્ય કક્ષાની ટીમમાં પસંદગી પામી રાષ્ટ્ર કક્ષાએ Under 16 ગુજરાતની ટીમમાં સ્થાન મેળવીને સમગ્ર શાળાનું ગૌરવ વધારેલ છે.**

અહેવાલ લેખન અને સંકલનકાર

શ્રી ભરતભાઇ પટેલ

(ટેક વિભાગ)